# ભારતનું બંધારણ અને રાષ્ટ્રીય પ્રતીકો

(Indian Constitution and Symbols)

**સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મહત્વપૂર્ણ નોંધો**

10 ડિસેમ્બર, 2025

## રાષ્ટ્રીય ધ્વજ (National Flag)

- **રંગો:** કેસરી (શક્તિ), સફેદ (શાંતિ), લીલો (સમૃદ્ધિ).
- **ચક્ર:** અશોક સ્તંભમાંથી, 24 આરા (ધર્મચક્ર).
- **માપ:** લંબાઈ : પહોળાઈ = 3:2.
- **ડિઝાઈનર:** પિંગલી વેંકૈયા.
- **સ્વીકાર:** 22 જુલાઈ, 1947.
- **અધિકાર:** ધ્વજ ફરકાવવો - મૂળભૂત અધિકાર (અનુ. 19(i)(a)).

## ધ્વજ નો ઈતિહાસ (History)

- **પ્રથમ ડિઝાઈન:** મેડમ ભિખાઈજી કામા (યુરોપમાં).
- **1929:** રાવી તટ પર (નેહરુજી દ્વારા - ચરખા સાથે).
- **ઝંડા સમિતિ:** અધ્યક્ષ - જે.બી. કૃપલાણી.
- **1947:** બંધારણ સભા દ્વારા વર્તમાન સ્વરૂપનો સ્વીકાર.

## રાષ્ટ્રીય ચિહ્ન (National Emblem)

- **સ્ત્રોત:** સારનાથનો અશોક સ્તંભ.
- **પ્રાણીઓ:** 4 સિંહ (3 દેખાય છે), નીચેના ભાગમાં હાથી, ઘોડો, સાંઢ અને સિંહ.
- **સૂત્ર:** "સત્યમેવ જયતે" (મુંડકોપનિષદમાંથી - અર્થ: સત્યનો જ વિજય થાય છે).
- **સ્વીકાર:** 26 જાન્યુઆરી, 1950.

## રાષ્ટ્રગાન: જન-ગણ-મન (રવીન્દ્રનાથ ટાગોર)

- **સમય:** 52 સેકન્ડ (સંપૂર્ણ), 20 સેકન્ડ (લઘુ ગાન).
- **પદ:** કુલ 5 પદ છે, જેમાંથી માત્ર પ્રથમ પદ રાષ્ટ્રગાન તરીકે ગવાય છે.
- **સ્વીકૃતિ:** 24 જાન્યુઆરી, 1950.
- **પ્રથમ ગાયન:** 27 ડિસેમ્બર, 1911 (કોલકાતા અધિવેશન).
- **અનુવાદ:** કેપ્ટન આબિદ અલી (હિન્દી/ઉર્દૂ).
- **પ્રકાશન:** 1912માં 'તત્ત્વબોધિની' પત્રિકામાં ('ભારત વિધાતા' શીર્ષક).
- **અંગ્રેજી અનુવાદ:** 'Morning Song of India' (1919).

## રાષ્ટ્રગીત: વંદે માતરમ્ (બંકિમચંદ્ર ચેટર્જી)

- **સ્ત્રોત:** 'આનંદમઠ' નવલકથા (રચના: 1876).
- **ભાષા:** પ્રથમ બે પદ સંસ્કૃતમાં, બાકીના બંગાળીમાં.
- **સમય:** 65 સેકન્ડ (1 મિનિટ અને 5 સેકન્ડ).
- **પ્રથમ ગાયન:** 1896 (કોલકાતા), રવીન્દ્રનાથ ટાગોર દ્વારા.
- **ઐતિહાસિક મહત્વ:** 15 ઓગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ એમ.એસ. સુબ્બુલક્ષ્મીએ સંસદમાં ગાયું હતું.
- **સ્વીકૃતિ:** 24 જાન્યુઆરી, 1950.
- **અનુવાદ:** અરવિંદ ઘોષ (હિન્દી) અને આરિફ મોહમ્મદ ખાન (ઉર્દૂ).

## રાષ્ટ્રીય પંચાંગ (National Calendar)

- **આધાર:** શક સંવત (Saka Samvat).
- **શરૂઆત:** ઈ.સ. 78 (કનિષ્ક દ્વારા).
- **સમયચક્ર:** પ્રથમ માસ 'ચૈત્ર' છે.
- **વર્ષ આરંભ:** 22 માર્ચ (લિપ વર્ષ હોય તો 21 માર્ચ).
- **સ્વીકાર:** 22 માર્ચ, 1957.
- **ઉપયોગ:** ભારતનું રાજપત્ર, આકાશવાણી સમાચાર, સરકારી કેલેન્ડર.

## પ્રકૃતિ પ્રતીકો (Nature Symbols)

- **રાષ્ટ્રીય પશુ:** વાઘ *(Royal Bengal Tiger)*
  *Panthera Tigris Linnaeus*
- **રાષ્ટ્રીય પક્ષી:** મોર
  *Pavo Cristatus*
- **રાષ્ટ્રીય વૃક્ષ:** વડ
  *Ficus Benghalensis*
- **રાષ્ટ્રીય પુષ્પ:** કમળ
  *Nelumbo Nucifera Gaertn*
- **રાષ્ટ્રીય ફળ:** કેરી
  *Mangifera Indica*
- **રાષ્ટ્રીય નદી:** ગંગા *(જાહેર: 2008)*
- **જળચર જીવ:** ગંગા ડોલ્ફિન *(જાહેર: 2009)*
- **વિરાસત પશુ:** હાથી *(જાહેર: 2010)*

## અન્ય મહત્વના પ્રતીકો અને રાજ્યો

- **રાષ્ટ્રીય રમત:** હોકી (29 ઓગસ્ટ - રાષ્ટ્રીય રમત દિવસ).
- **કોમનવેલ્થ:** મે, 1949 માં ભારતે સભ્યપદ સ્વીકાર્યું.
- **ગુજરાત:** સિંહ (પ્રાણી), સુરખાબ (પક્ષી), આંબો (વૃક્ષ), ગલગોટો (ફૂલ).
- **અન્ય રાજ્યો:**
    - સિક્કિમ: લાલ પાંડા
    - આસામ: એકશિંગી ગેંડો
    - મણિપુર: સાંગાઈ હરણ
    - રાજસ્થાન: ઊંટ અને ચિંકારા

## મૂળભૂત અધિકારો અને DPSP

### મૂળભૂત અધિકારો (Fundamental Rights)

- **પ્રતિબંધ:** લશ્કરી કાયદો (Martial Law) હોય ત્યારે.
- **ધરપકડ:** 24 કલાકમાં મેજિસ્ટ્રેટ સામે રજૂઆત ફરજિયાત.
- **પુરાવા:** પોલીસ કસ્ટડીની કબૂલાત અદાલતમાં માન્ય નથી.

### રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (DPSP)

- **ઉદ્દેશ્ય:** સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવી.
- **શાંતિ:** આંતરરાષ્ટ્રીય વિવાદો લવાદ (Arbitration) દ્વારા ઉકેલવા.

## સંસદ અને હોદ્દાઓ

- **રાજ્યસભા નિમણૂક:** 12 સભ્યો (કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજસેવા) - રાષ્ટ્રપતિ દ્વારા.
- **ઉપરાષ્ટ્રપતિ:** રાજીનામું રાષ્ટ્રપતિને આપે, ચૂંટણી બંને ગૃહો દ્વારા.
- **સ્પીકરનો વોટ:** સમાન મત પડે ત્યારે જ 'Casting Vote'.
- **અનુ. 110:** નાણા વિધેયક (Money Bill).
- **અનુ. 117:** નાણાકીય વિધેયક (Financial Bill).
- **આમુખમાં ન્યાય:** સામાજિક, આર્થિક અને રાજકીય.
- **સમવર્તી યાદી:** કાયદાની એકરૂપતા.

## જય હિન્દ!